GJSK050000332011

Presented on : 13-03-2018
Registered on : 13-03-2018
Decided on : 20-01-2024
Duration : DD-MM-YY
07 - 10 - 05

**ખેડબ્રહમાનાં મે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુકામ – ખેડબ્રહમા**

**સ્પે.દિ.મુ.નં. ૦૧/૨૦૧૮**
**આંક :–**

**વાદી :** ભરતભાઈ બેચરભાઈ બાન્ટયા, ઉ.વ. ૪૯,
ધંધો:– સંચાલક, ધર્મે:– હિન્દુ
રહે. બી/૩૦/૧૦૦૩ આર્યનગર કો.ઓ.સોસાયટી,
કાંકરીયા, અમદવાદ– ૩૮૦૦૨૨

વિરૂઘ્ઘ

**પ્રતિવાદી :** રાઠોડ રમેશભાઈ થાવરાજી, ઉ.વ.આ.૫૦
ધંધો– નોકરી, ધર્મે–હિન્દુ
રહે. ૫૫ શિવશકિત પાર્ક, ગયત્રી મંદીર પાસે,
મહાવીર નગર, મુ.પો.તા.હિંમતનગર, જી.સાબરકાંઠા

દાવો : **ડિસ્ટ્રીકટ સબડિસ્ટ્રીકટ સાબરકાંઠા. તાલુકો વિજયનગરના મોજે ગામ કોડિયાવાડા બ્લોક / સર્વે નં– ૨૩૩, ખાતા નં– ૨૪૩ ની જમીનના કરારનુ વિશિષ્ટપાલન કરાવવાનુ હુકમનામું મેળવવાનો દાવો આંક– રૂા. ૯,૨૫૦૦૦/– પુરાનો તથા કાયમી પ્રકારનો જાથુનો મનાઈ હુકમ મેળવવાનો દાવો આંક– રૂા. ૩૦૦/– પુરાનો દાવો**

-----------------------------------------------

**વાદી તરફે** – વિ.વ.શ્રી – કે.કે. આચાર્ય,વી.એન.શુકલા
**પ્રતિવાદી તરફે** – વિ.વ.શ્રી– એમ.પી.ઠાકુર

-----------------------------------------------

**-: ઠરાવ :-**

આ કામે વાદીએ આ દાવો લાવી અરજ ગુજારેલ છે કે,

**(૧)** અમો વાદી અમદાવાદ શહેરના ઉપરોકત સ્થળે રહીએ છીએ અને પ્રતિવાદી હિંમતનગર શહેરના ઉપરોકત સ્થળે રહે છે. પ્રતિવાદીએ પ્રતિવાદીની ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ સાબરકાંઠા તાલુકા વિજયનગરના મોજે ગામ કોડીયાવાડા બ્લોક/સ.નં. ૨૩૩, ખાતા નં. ૨૪૩ ની જરાયત ૦–૫૩–૫૬ પો. ખ. અ. ૦–૧૦–૧૨ કુલ ૦–૬૩–૬૫ પૈકી ૦–૧૬–૨૮ આકાર રૂ. ૫૫ ખાતા નં. ૨૪૩ ની જમીન શૈક્ષણીક સંસ્થા માટે અમો વાદીને રૂ. ૯,૨૫,૦૦૦/– અંકે રૂપીયા નવ લાખ પચ્ચીસ હજારમા અઘાટ વેચાણ આપવાનો કરાર તા. ૧૯/૪/૧૭ ના રોજ એન.જે.રાઠોડ નોટરી, હિંમતનગર સમક્ષ રૂ. ૧ ૦૦/– ના સ્ટેમ્પ પેપર નં. એબી૯૬૩૮૦૧ ઉપર નોંધણી નં. ૫૨૭૦/૨૦૧૭ થી વેચાણ કરાર કરેલ છે. સદરહુ મિલ્કત અમો વાદીને પ્રતિવાદીએ અઘાટ વેચાણ આપી છે અને સદરહુ મિલ્કતનો ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો પ્ર તિવાદીએ અમો વાદીને સોંપેલ છે અને પ્રતિવાદીએ સદરહુ મિલ્કતની સરકારી પરવાનગીઓ ટુંક સમયમા મેળવી તમામ ટાઈટલ કલીયર કરી પાકો રજીસ્ટર અઘાટ વેચાણ દસ્તાવેજ કરી આપવાનુ નકકી કરેલ છે. અમો વાદી સદરહુ મિલ્કતના તા. ૧૯/૪/૧૭ થી મિલ્કત વેચાણ રાખી ત્યારથી અમો વાદી સદરહુ મિલ્કતના કાયદેસરના કુલ સ્વતંત્ર માલીક, કબજેદાર, અને ભોવટેદાર છીએ. અમો વાદીએ સદરહુ વેચાણ કરારના આધારે શૈક્ષણિક સંસ્થા

માટે જરૂરી સરકારી પરવાનગીઓ મેળવવાની કાર્યવાહી કરી ખુબ મોટુ ખર્ચ કરેલ છે. સરકારી પરવાનગીઓ ટુંક સમયમા મેળવવાની હોઈ તેની જાણ પ્રતિવાદીને થઈ જતા પ્રતિવાદીની દાનત બગડી છે અને કોઈ ઉંચી રકમમા સદરહુ જમીન વેચાણ લેવા તૈયાર હોવાનુ જણાતા, પ્રતિવાદીએ અમો વાદી પાસેથી વધારે પૈસા પડાવવા, અમો વાદીએ થોડા દિવસો અગાઉ સદર જમીનનો પાકો રજી. અઘાટ વેચાણ દસ્તાવેજ કરી આપવા વિનંતી કરતા પ્રતિવાદીએ અમો વાદીને પૈસા વ્યાજ સાથે પરત લઈ લેવાની ધમકી આપી, જમીનનો કબજો પરત સોંપી દેવા ધમકી આપેલ હોય તા. ૩૦/૧/૧૮ ની વકીલ મારફત લીગલ નોટીસ રજી. એડી. પોસ્ટથી આપતા અમો વાદીએ સદરહુ નોટીસનો તા.૦૨/૦૨/૨૦૧૮નો વકીલ મારફત જવાબ આપી તથા વકીલ મારફત વળતી નોટીસ આપી સદર જમીનનો પાકો રજીસ્ટર અઘાટ વેચાણ દસ્તાવેજ કરી આપવા વિનંતિ કરવા છતા પ્રતિવાદીએ કોઈ જવાબ આપેલ નથી કે અમલ ન કરતા, ચિઠોડા પો.સ્ટે.માં તા.૧૯/૦૨/૨૦૧૮ના રોજ ફરીયાદ કરેલ પરંતુ, ચિઠોડા પો.સ્ટે.એ કોઈ ગુન્હો નોંધ્યો નથી કે અમોને કાયદેસર કોઈ રક્ષણ આપેલ ન હોઈ ફરારનુ વિશિષ્ટ પાલનનુ હુકમનામુ મેળવવા તથા જાથુનો કાયમી મનાઈ હુકમ મેળવવા આ દાવો કરવાની જરૂરીયાત પડી છે. આમ જણાવી વાદીએ દાદ માંગેલ છે કે,

***(એ)*** *આ દાવા અરજીના પેરા -૨ માં વર્ણવેલ દાવાની તકરારી મિલ્કત ડીસ્ટ્રીકટ, સબડીસ્ટ્રીકટ સાબરકાંઠા તાલુકો વિજયનગરના મોજે ગામ કોડીયાવાડા બ્લોક/સરવે નં.૨૩૩, ખાતા નં.૨૪૩ ની જરાયત ૦-૫૩-૫૬ પો. ખ. અ. ૦-૧૦-૧૨ કુલ ૦-૬૩-૬૫ પૈકી ૦-૧૬-૨૮ આકાર રૂ. ૫૫ ખાતા નં. ૨૪૩ ની તા.૧૯/૦૪/૨૦૧૭ના રોજ એન.જે.રાઠોડ નોટરી, હિંમતનગર સમક્ષ રૂ. ૧૦૦/- ના ૨*

ટેમ્પ પેપર નં. એબી૯૬૩૮૦૧ ઉપર નોંધણી નં. ૫૨૭૦/૨૦૧૭ થી પ્રતિવાદીએ જમીન વેચાણ કરાર મુજબના દાવા અરજીની સદરહુ મિલ્કતના માલિકી હક દર્શાવતા તમામ કાગળો, સરકારી પરવાનગીઓ મેળવી, તમામ ટાઈટલ કલીયર કરી, તમામ કાગળો ટાઈટલ કલીયર પ્રમાણપત્રો પ્રતિવાદીએ લાવી આપી પાકો વેચાણ દસ્તાવેજ કરી આપવાનુ પ્રતિવાદીએ કરારનુ વિશિષ્ટ પાલન અમો વાદીના લાભમાં અને પ્રતિવાદી વિરુધ્ધ હુકમ અને હુકમનામુ કરવા મહેરબાની કરશોજી.

**(બી)** દાવાવાળી મિલ્કતની યથાવતસ્થિતિ જાળવી રાખવાનો અને પ્રતિવાદી જાતે, પ્રતિવાદીના એજન્ટો, પ્રતિવાદીના પાવર ઓફ એટર્નીના હોલ્ડરો, એકસીકયુટર, અસાઈનીઝ, મળતિયાઓ કે અન્ય કોઈની મારફત દાવાવાળી મિલ્કત કોઈને વેચે, વેચાવે, સાટે, ગીરો, બક્ષીસ કરે કે બોજામાં કે તારણમાં મૂકે – મૂકાવે નહી કે કોઈપણ રીતે કે પ્રકારે ટ્રાન્સફર, એસાઈન, તબદિલ કે એલાઈનેટ કરે કરાવે નહી કે કોઈપણ જાતનુ તોડફોડ કરે કરાવે નહી, વાદીની મિલ્કતના કબજા ભોગવટામાં વાપર ઉપભોગમાં કોઈપણ જાતનુ હરકત, હેલો, અંતરાય, અવરોધ, ઉભો કરે કરાવે નહી અને સદરહુ મિલ્કતનો કબજો લે લ ેવડાવે નહી કે વાદીને કાચુ કે પાકુ બાંધકામ કરતા કરાવતા રોકે રોકાવે નહી તેવો અમો વાદીના લાભમાં અને પ્રતિવાદી વિરુધ્ધ જાથુનો મનાઈ હુકમ ફરમાવવા મે. કરશોજી. **વિકલ્પે**

પેરા–૬/ડી/૧: જો નામદાર કોર્ટ કરારનુ વિશિષ્ટ પાલન કરાવવાનુ હુકમનામુ ના કરે તો વિકલ્પે રૂા.૯,૨૫,૦૦૦/– અંકે રૂપિયા નવ હજાર પચ્ચીસ હજાર પુરાની રકમ ૧૮ % વ્યાજ સાથે પ્રતિવાદીની દરેક પ્રકારની જાત મિલ્કતમાંથી વાદીને વસૂલ અપાવવાનુ હુકમનામુ કરી આપવા મે. કરશોજી.

*(સી)* *પ્રતિવાદીએ કરાર ભંગ કરેલ હોઈ વાદીને દાખલો બેસાડનારુ નુકસાનવળતર પ્રતિવાદીની દરેક પ્રકારની જાતમિલ્કતમાંથી વાદીને વસૂલ અપાવવાનુ હુકમનામુ કરી આપવા મે. કરશોજી.*

*(ડી)* *આ દાવાનુ તમામ ખર્ચ આ કામના પ્રતિવાદી પાસેથી વાદીને વસૂલ અપાવશો*

*(ઈ)* *આપ નામ. કોર્ટને બીજી યોગ્ય લાગે અને વ્યાજબી લાગે તેવી અન્ય દાદ અપાવશોજી.*

(૨) આ કામે દાવો દાખલ થયા બાદ પ્રતિવાદી પક્ષને સમન્સ/નોટીસ ઈશ્યુ કરતા, જે નોટીસ આ કામના પ્રતિવાદીને બજી જતા, આ કામે પ્રતિવાદીએ આંક-૨૨ થી દાવાનો જવાબ રજુ રાખેલ છે. જેમા તેઓએ મુખ્યત્વે દાવાની મહતમ હકીકતોનો ઈન્કારીયતમાં જવાબ આપેલ છે અને જણાવેલ છે કે, અમો પ્રતિવાદીએ ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ સાબરકાંઠા તાલુકા વિજયનગરના મોજે ગામ કોડીયાવાડા બ્લોક/સ.નં. ૨૩૩, ખાતા નં. ૨૪૩ ની જરાયત ૦-૫૩-૫૬ પો. ખ. અ. ૦-૧૦-૧૨ કુલ ૦-૬૩-૬૫ પૈકી ૦-૧૬-૨૮ આકાર રૂ. ૫૫ ખાતા નં. ૨૪૩ ની જમીન શૈક્ષણીક સંસ્થા માટે આ કામના વાદીને રૂ. ૯ ,૨૫,૦૦૦/- અંકે રૂપીયા નવ લાખ પચ્ચીસ હજારમા અઘાટ વેચાણ આપવાનો કરાર અમો પ્રતિવાદીએ કરી આપેલ નથી તે સ્પષ્ટ હકીકત છે. અમો પ્રતિવાદી જણાવીએ છીએ કે કોઈપણ વેચાણ કરાર રજીસ્ટ્રેશન એકટ અન્વયે જમીન બાબતે રજીસ્ટ્રેશન કરવુ ફરીજીયાત મહેસૂલ ખાતાના અધિનિયમ અન્વયે સરકારશ્રીના પરિપત્ર અનુસંધાને અનુસૂચિત જન જાતિની જમીન વિ. ખરીદવી હોય તો સરકારશ્રીની મંજૂરી લેવી પડે અને ત્યારબાદ જ વેચાણ અંગેની કાર્યવાહી કરી શકાય તે બાબતના જી.આર. છે. તેમજ આ બાબતે જમીન વેચાણ રાખવા માટે સને ૨૦૦૫માં અનઓથોરાઈઝડ ડોકયુમેન્ટ એટલે કે સ્ટેમ્પ ઉપર નોટરી ધ્વારા લખાણ ઈલીગલ હોઈ આવા પ્રકારના લખાણની કાયદાથી રદબાતલ કરેલ છે. ૨૦૦૫ પછી મહેસૂલ ખાતાના ઠરાવ અનુસાર જમીન

બાબતે બાનાખત, તેમજ વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રાર ઓફિસમાં જઈને રજીસ્ટ્રેશન કરવાનુ સરકારશ્રીએ ફરજીયાત જમીન બાબતે કરેલ છે. પિયતવાળી જમીનમાં ખાસ જોગવાઈએ બિનપિયતવાળી જમીનમાં પણ સરકારશ્રીની મંજૂરી વગર દસ્તાવેજ કે બાનાખત થઈ શકે નહી તે સ્પષ્ટ જોગવાઈ છે છતા પણ આ કામના વાદીએ અમો પ્રતિવાદીનો ગેરલાભ ઉઠાવવા તેમજ વાદી અમદાવાદ ખાતે જમીન બાબતે હેરાફેરી કરતા હોઈ તેમજ ગામડના વિસ્તારના ભોળી પ્રજાને છેતરવા સારુ આવા બનાવટી દસ્તાવેજો નોટરીમાં કરાવીને પૈસા પડાવવા સારુ આ તમામ પ્રકારની કાર્યવાહી આ કામના વાદીએ કરેલ છે તે સ્પષ્ટ હકીકત સદરહુ દાવાની હકીકત સાથે ઉપસી આવે છે તે ધ્યાને લેવા નામદાર કોર્ટની નમ્ર અરજ છે.

દાવાની હકીકતે સદરહુ મિલ્કત આ કામના વાદીને અઘાટ વેચાણ આપેલ નથી અને તે બાબતે સદરહુ બનાવટી કરારમાં જણાવેલ હકીકતે મિલ્કતનો ખાલી , શાંત અને પ્રત્યક્ષ કબજો અમો પ્રતિવાદીએ આજદિન સુધી વાદીને સોંપેલ નથી અને હાલમાં સદરહુ રેવન્યુ રેકર્ડમાં અમો પ્રતિવાદીના નામે બોલે છે અને અમો પ્રતિવાદી સંયુકત કબજેદાર વારસાઈ હકથી આવેલા સદરહુ મિલ્કતના માલિક અને કબજેદાર છીએ હાલમાં તેમાં વાવેતર પણ અમો પ્રતિવાદી તથા અન્ય સહ કબજેદારો વિગેરે કરીએ છીએ એટલે તમામ હકીકત દાવા અરજીમાં ખોટી જણાવેલ છે. અમો પ્રતિવાદીને સ્ટેમ્પ પેપર નં.એ.બી./૯૬૩૮૦૧ જે વાદીના નામનો ખરીદ કરેલ છે તેમાં રૂપિયા પચાસ અને બીજો સ્ટેમ્પ નં.૯૬૩૮૦૦ નો પણ સામેલ છે તે પોસ્ટ ઓફિસ હિંમતનગરથી વાદીના નામનો છે. તેમાં અમો પ્રતિવાદીની ભળતી સહી કરીને અમારા સાક્ષીઓ સહી વિગેરે ન હોવા છતા ગમે તેમ ફોટા મેળવીને લખાણ ઉપર નોટરી કરાવેલ છે. જે બાબતની અમોને જાણ થતા અમોને અમારા

વકીલશ્રી આશિષ પી.બ્રામ્હીન હિંમતનગરના મારફતે તા.૩૦/૦૧/૨૦૧૮ના રોજ વિગતવારની માહિતી આપેલ છે જે મળી ગયેલાનુ વાદી પોતે કબૂલ રાખે છે. આ બાબતની જાહેર નોટીસ ગુજરાત સમાચારની સાબરકાંઠા પૂરતી તા.૩૦/૦૧/૨૦૧૮ ના કરાર તેમજ પાવર ઓફ એટર્ની રદબાતલ ઠરાવવા જાહેર ચેતવણી કમ નોટીસ પ્રતિવાદીએ વાદીને પાઠવેલ છે જે તા.૩૧/૦૧/૨૦૧૮ના રોજ પેપરમાં પ્રસિધ્ધ થયેલ છે. જે બાબતે અમોએ સબંધિત રેવન્યુ કચેરીમાં પણ જાણ કરેલ છે. આમ વાદી ચોખ્ખા હાથે આવેલા નથી અને ખોટી હકીકતો ઉપજાવી બનાવટી દસ્તાવેજો ઘડી ખોટો દાવો કરેલ હોઈ જે દાવો ખર્ચ સહિત નામંજૂર કરવા વિનંતિ છે.

**(૩) આ કામે પક્ષકારોએ નીચે મુજબના પુરાવાઓ રજુ રાખેલ છે.**

**વાદી પક્ષનો પુરાવો :**

**મૌખીક પુરાવો**

| અ.નં. | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧. | ૨૯ | વાદી ભરતભાઈ બેચરભાઈ બાન્ટીયાનુ સરતપાસનુ સોગંદનામુ |

**દસ્તાવેજી પુરાવો**

| અ.નં. | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧. | ૩૩ | વાદી તથા પ્રતિવાદી વચ્ચે થયેલ વેચાણ કરાર અસલ |
| ૨. | ૩૪ | પ્રતિવાદીએ વકીલ મારફત વાદીને આપેલ રજીસ્ટર એડી. લીગલ નોટીસ અસલ |
| ૩. | ૩૫ | વાદીએ વકીલ મારફત પ્રતિવાદીને આપેલ રજીસ્ટર એડી. લીગલ નોટીસ અસલ |
| ૪. | ૩૬ | વાદીના વકીલ મારફત પ્રતિવાદીને આપેલ રજીસ્ટર એડી. લીગલ નોટીસ મળ્યાની અકનોલેજમેન્ટ અસલ |
| ૫. | ૩૭ | વાદીની ચિઠોડા પો.સ્ટે.માં કરેલ પોલીસ ફરીયાદ અસલ |
| ૬. | ૩૮ | ચિઠોડા પો.સ્ટે.માં ફરીયાદ મળ્યાની એકનોલેજમેન્ટ અસલ |
| ૭. | ૩૯ | પ્રતિવાદીને અવેજની રકમ ચેકથી મળ્યાની દેના બેન્કના સ્ટેટમેન્ટની નકલ |

આ કામે મુદ્દા ફ્રેમ થયા બાદ આ કામ વાદીપક્ષના પુરાવા માટે પેન્ડીંગ હોઈ આ કામે રેકર્ડ ધ્યાને લેતા, વાદીપક્ષે આંક–૨૯ થી સરતપાસનુ સોગંદનામુ રજૂ રાખવામાં આવેલ છે અને તે અન્વયે અનુક્રમિક દસ્તાવેજો પણ રજૂ રાખવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામે પ્રતિવાદી વકીલશ્રી નિયમિત હાજર રહેતા હોઈ અને વાદીપક્ષ ઉલટતપાસ માટે હાજર રહેતા ન હોઈ અને તેઓ તરફે કોઈ અરજ અહેવાલ ન હોઈ જેથી પ્રતિવાદી પક્ષે આંક–૪૫ થી વાદીપક્ષનો પુરાવો ડીસ્કાર્ડ કરવા અરજી રજૂ કરતા, જે હેઠળ વિગતવારનો હુકમ કરી પ્રતિવાદી પક્ષ હાજર હોઈ અને ઉલટતપાસ કરવા તૈયાર હોઈ જયારે વાદીપક્ષ ઉલટતપાસ માટે હાજર રહેતા ન હોઈ તેથી વાદીપક્ષનો પુરાવો સંપૂર્ણ ન ગણી શકાય તેમ માની વાદીપક્ષનો પુરાવો ડીસ્કાર્ડ કરવામાં આવેલ છે અને વાદીપક્ષનો પુરાવો રજૂ કરવાનો હક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આમ વાદીપક્ષે કોઈ પુરાવો નથી.

આમ વાદી પક્ષનો પુરાવો ડીસ્કાર્ડ કરી વાદીપક્ષનો પુરાવો રજૂ કરવાનો હક બંધ કર્યા બાદ ત્રણ મુદતો સુધી ન્યાયના હિતમાં રાહ જોવા છતા વાદીપક્ષ હાજર થયેલ નહી કે કોઈ અરજ અહેવાલ કરેલ નહી જેથી પ્રતિવાદી પક્ષે આંક–૪૬ થી પુરસીસ રજૂ રાખી જાહેર કરેલ છે કે આ કામે વાદીપક્ષે કોઈ પુરાવો ન હોઈ જેથી પ્રતિવાદી પક્ષ હાલ કોઈ પુરાવો રજૂ કરવા માગતા નથી. આમ પ્રતિવાદી પક્ષે પણ કોઈ પુરાવો નથી.

ત્યારબાદ રાહ જોવા છતા વાદીપક્ષ હાજર રહેલ નહી કે કોઈ અરજ અહેવાલ કરેલ નહી જેથી પ્રતિવાદી પક્ષે રજૂ આંક–૪૭ ની અરજી હેઠળ હુકમ કરી વાદીપક્ષની દલીલોનો હક બંધ કરવામાં આવેલ છે. જયારે પ્રતિવાદી પક્ષે મૌખિક દલીલો કરેલ છે. પ્રતિવાદી પક્ષે દલીલમાં જણાવેલ છે કે વાદીએ ખોટા બનાવટી દસ્તાવેજો ઉભા કરી ફકત હેરાન કરવાના

એકમાત્ર ઈરાદાથી આ ખોટી હકીકતવાળો દાવો દાખલ કરેલ છે. વાદીપક્ષે પૂરતો પુરાવો આપી દાવો સાબિત કરેલ નથી. જયારે વાદીપક્ષે પૂરતો પુરાવો આપી દાવો સાબિત કરેલ ન હોઈ તેનાથી તેવુ માની શકાય કે વાદીએ ખોટી હકીકત સાથે દાવો દાખલ કરેલ છે. વાદીએ પોતાના સાબિત કરવાના મુદ્દાઓ પુરતો પુરાવો આપી સાબિત કરેલ ન હોઈ અને પૂરતો પુરાવો આપેલ ન હોઈ જેથી પ્ર તિવાદી પક્ષે પણ વધુ કોઈ પુરાવો રજૂ રાખેલ નથી. તમામ હકીકતોએ વાદીપક્ષનો દાવો ખર્ચ સહિત નામંજૂર કરવા વિનંતિ છે.

(૪) હાલના આ દાવાના કામે મારા પુરોગામી ન્યાયાધિશશ્રી દવારા આંક:- ૨૭ થી નીચે મુજબના મુદદાઓ ઘડેલા છે.

**<u>-: મુદ્દાઓ :-</u>**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, સા.કાં. ડીસ્ટ્રીકટ તાલુકા વિજયનગરના કોડીયાવાડા મુકામે આવેલ સરવે/બ્લોક નં.૨૩૩ ખાતા નં.૨૪૩ વાળી ૦-૬૩-૬૫ હે.આ.ચો.મી વાળી જમીન પૈકી ૦-૧૬-૨૮ હે.આ.ચો.મી વાળી સીમ જમીન જેને હવે પછીથી (વાદગ્રસ્ત મિલ્કત) તરીકે ઓળખાવેલ છે તે સીમ જમીન પ્ર તિવાદીએ રૂપિયા નવ લાખ પચ્ચીસ હજાર પુરામાં અઘાટ વેચાણ આપવાનુ નકકી કરી નોટરી રૂબરૂ વેચાણ કરી આપેલ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત મિલ્કતના તેઓ માલિક, કબજેદાર અને ભોગવટેદાર રહેલ છે ?

(૩) શું વાદી કરારનુ વિશિષ્ટ પાલન કરાવવાની દાદ મેળવવા હકદાર છે ?

(૪) શું વાદીના દાવાને હકૂમતનો બાધ નડે છે ?

(૫) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે વાદીએ તેમની ખોટી સહીઓ કરી ખોટા દસ્તાવેજો ઉભા કરી ખોટુ પાવર ઓફ એટર્ની તૈયાર કરી ખોટો વેચાણ કરાર કરેલ હોઈ, આવો કરાર રદ થવાને પાત્ર છે ?

(૬) શું વાદી માગ્યા મુજબનો મનાઈ હુકમ મેળવવા હકદાર છે ?
(૭) શું હુકમ અને હુકમનામુ ?

(૫) ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) નકારમાં

(૫) નકારમાં

(૬) નકારમાં

(૭) આખરી હુકમ મુજબ

## ઉપરોકત મુદદાઓના નિર્ણયોના કારણોની ચર્ચા નીચે મુજબ છે.

**મુદદા નં.૧ થી ૪ :-**

**(એ)** મુદદા નં.૧ થી ૪ ની સંયુકત ચર્ચા કરતા, આ તમામ મુદદાઓ વાદીએ સાબીત કરવાના છે. સર્વપ્રથમ એ જણાવવુ જરૂરી છે કે, પુરાવા અધિનીયમની જોગવાઈઓની ચર્ચા કરીએ તો, અમુક હકીકતો એવી હોય છે કે, જે મૌખીક પુરાવાથી સાબીત કરી શકાય તેમજ અમુક હકીકતો એવી હોય છે કે, જે દસ્તાવેજી પુરાવાઓથી સાબીત કરી શકાય તેમજ અમુક હકીકતો એવી હોય છે કે, જે મૌખીક પુરાવાના સમર્થનમા દસ્તાવેજી પુરાવો આપી હકીકતો સાબીત કરવી પડે કે પછી, દસ્તાવેજી પુરાવો રજુ રાખી તેના સમર્થનમા મૌખીક પુરાવો આપી હકીકતો સાબીત કરવી પડે. આ કામે ઉપર જણાવ્યા મુજબ વાદીપક્ષનો મૌખીક પુરાવો જ ડિસ્કાર્ડ થયેલાનુ અને શંકાના દાયરામા હોવાનુ જણાઈ આવે છે. રેકર્ડ ઉપર આવેલ વાદીપક્ષનુ

વર્તન ધ્યાને લેતા તેમને આ દાવો ચલાવવામા કોઈ ગંભીરતા દાખવેલ નથી. વાદી પક્ષે જે દસ્તાવેજો રજુ રાખવામા આવેલ છે તે યોગ્ય અને સંતોષકારક સમર્થનકારી પુરાવો આપી સાબીત કરવામા આવેલ નથી. વાદીપક્ષે અપુરતો અને અપુર્ણ પુરાવો જણાઈ આવે છે. વાદીપક્ષે પોતાનો કેસ સ્પષ્ટ, તટસ્થ અને સંતોષકારક રીતે સાબીત કરેલ નથી. વાદીના કેસમા અને પુરાવામા ઘણી બધી અસ્પષ્ટતાઓ અને અસ્થીરતા જણાઈ આવે છે, જેનાથી વાદીપક્ષનો કેસ શંકા ઉપજાવે છે. આ સીવાય વાદી પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ રાખેલ નથી આમ, વાદી પક્ષ પોતે સાબીત કરવાના એકપણ મુદદા સાબીત કરી શકેલ ન હોઈ, મુદદા નં.૧ થી ૪ નો જવાબ નકારમા આપવામાં આવે છે.

**મુદદા નં.૫ :–**

**(બી)**મુદ્દા નં.૫ પ્રતિવાદીએ સાબિત કરવાનો છે. આ કામે વાદીપક્ષે ઉપર જણાવ્યા મુજબ કોઈ સંતોષકારક પુરાવો આપી પોતાના સાબિત કરવાના મુદ્દાઓ પુરતા સમર્થનકારી પુરાવાઓ રજુ રાખી સાબિત કરી શકેલ નથી, જેથી આંક–૪૬ થી પ્રતિવાદી પક્ષે પુરસીસ આપી જાહેર કરેલ છે કે વાદીપક્ષે કોઈ પૂરતો પુરાવો રજૂ ન હોઈ જેથી તેઓ પણ હાલ આ કામે કોઈ પુરાવો રજૂ કરવા માગતા નથી. આમ પ્રતિવાદીએ પણ પોતે સાબિત કરવાના મુદ્દાના સમર્થનમાં કોઈ પુરાવો રજૂ રાખેલ ન હોઈ જેથી મુદ્દા નં.૫ નો જવાબ પણ નકારમાં આપવામાં આવે છે.

**મુદદા નં.૬ અને ૭ :–**

**(સી)**ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં. ૧ થી ૫ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે . વાદી પક્ષે સાબિત કરવાના મુદ્દાઓ પૂરતો પુરાવો આપી સાબિત કરી શકેલ નથી. આમ વાદીપક્ષ કોઈ દાદ મેળવવા હકદાર

હોવાનુ જણાઈ ન આવતા, મુદ્દા નં. ૬ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૭ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

આ કામના વાદીઓનો હાલનો દાવો આથી **ના–મંજુર** કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આ હુકમ આજ તા.૨૦ મી, માહે–જાન્યુઆરી સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**તા.૨૦/૦૧/૨૦૨૪**
**મુ.ખેડબ્રહમા**

**( કે.સી.મંઘાણી )**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ**
**ખેડબ્રહમા.**
**જજ કોડ જીજે ૦૦૮૨૩**